આજની પ્રાર્થના....

દીનાનાથ તમે મારી રક્ષા કરો, મમ મસ્તક પર તવ હસ્ત ધરો, હરિ હૈયા તણો સહુ મેલ હરો, સદ્‌વિચાર અને સદ્‌ભાવ ભરો.

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૧૦ | ૩૦ જુન, ૨૦૨૧, બુધવાર; જયેષ્ઠ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# વન નેશન-વન રાશન કાર્ડ યોજના લાગુ કરો : સુપ્રીમ

**તમામ રાજ્યો ૩૧ જુલાઇ સુધી લાગુ કરે : સુપ્રિમ કોર્ટે મહત્ત્વપૂર્ણ ચુકાદો સંભળાવ્યો : પ્રવાસી મજૂરોને મોટી રાહત, કોવિડ-૧૯ સ્થિતિ રહે ત્યાં સુધી ફ્રી રાશન આપવાના નિર્દેશ, કેન્દ્ર રાજ્યોને માંગ પ્રમાણે અનાજ ઉપલબ્ધ કરાવે, અસંગઠિત ક્ષેત્રમાં કામદારોની નોંધણી ૩૧ જુલાઇ સુધીમાં પૂર્ણ થવી જોઇએ**



ન્યુ દિલ્હી,તા.૨૯

સુપ્રીમ કોર્ટે પોતાના મહત્વના આદેશમાં કહ્યું છે કે, દેશભરમાં તમામ રાજ્ય વન નેશન, વન રાશન કાર્ડની સ્કીમ ૩૧ જુલાઈ સુધી લાગું કરે. સુપ્રીમ કોર્ટે રાજ્યોને કહ્યું છે કે, જ્યાં સુધી કોવિડ મહામારીની સ્થિતિ બની રહે છે, ત્યાં સુધી કોમ્યુનિટી કિચન ચલાવો અને પ્રવાસી મજૂરોને રાશન ઉપલબ્ધ કરાવો. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ અશોક ભૂષણની આગેવાનીવાળી બેંચે મંગળવારના આ મહત્વનો ચુકાદો સંભળાવ્યો.

અદાલતે કહ્યું કે, પ્રત્યેક રાજ્ય જરૂરી રીતે વન નેશન, વન રાશ કાર્ડની સ્કીમ લાગુ કરે જેથી પ્રત્યેક પ્રવાસી મજૂર દેશના કોઈ પણ ભાગથી રાશન કાર્ડના આધાર પર સરકારી સ્કીમનો લાભ લઈ શકે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, જે રાજ્યોએ અત્યાર સુધી વન નેશન, વન રાશનની સ્કીમ લાગુ નથી કરી તેઓ ૩૧ જુલાઈ સુધી અનિવાર્ય રીતે આ સ્કીમને લાગું કરે. સુપ્રીમ કોર્ટે પ્રવાસી મજૂરોના વેલફેર માટે અન્ય નિર્દેશ પણ જાહેર કર્યા છે.

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને કહ્યું છે કે, તે એનઆઈસીથી સંપર્ક કરે. તમામ અસંગઠિત મજૂરો અને

● અનુસંધાન પાન-૭ પર

# પારિંપોરામાં લશ્કરે તોઈબાના કમાન્ડર સહિત બે આતંકી ઠાર

**જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષા દળોને મોટી સફળતા : કમાન્ડર અબ્રાર ચાલુ વર્ષે લાવાયપોરામાં સીઆરપીએફના ત્રણ કર્મીઓની હત્યામાં સામેલ હતો**

શ્રીનગર, તા. ૨૯

જમ્મુ-કાશ્મીરના પારિંપોરામાં ભારતીય સુરક્ષાદળોને મોટી સફળતા મળી છે. લશ્કર-એ-તોઈબાના કમાંડર નદીમ અબ્રાર સહિત બે આતંવાદીને ઠાર કરી દેવામાં આવ્યા છે. અન્ય આતંકવાદી પાકિસ્તાનનો હોવાનું જણાયું છે. આ અંગે વિગતો આપતા પોલીસ પ્રવકતાએ જણાવ્યું કે, અબ્રાર જે એલઈટીનો ટોચનો કમાંડર હતો તે સંખ્યાબંધ ગુનામાં સંડોવાયેલો હતો, તેની સોમવારે પારિંપોરામાં વાહનોના ચેકિંગ દરમિયાન ધરપકડ કરવામાં આવી હતી અને પૂછપરછ કરવામાં આવી રહી હતી. આઈજીપી વિજય કુમારે જણાવ્યું હતું કે, પારિંપોરામાં અથડામણ દરમિયાન બન્ને આતંકવાદીને ઠાર કરી દેવામાં આવ્યા છે.



તપાસ દરમિયાન લશ્કરના કમાંડરે પોતાની એકે-૪૭ રાઈફલ મલૂરા વિસ્તારમાં ક્યાં છુપાવી હતી તે લોકેશન જણાવ્યું હતું. હાઈવે ઉપર આતંકવાદી હુમલાની ફિરાકમાં હોવાની ચોક્કસ બાતમી મળી હતી. આ બાતમીને ગંભીરતાથી લેતા કેટલીક ચેકપોસ્ટ્સ પર જમ્મુ અને કાશ્મીર પોલીસ તેમજ સીઆરપીએફએ પેટ્રોલિંગ સઘન બનાવ્યું હતું.

પારિંપોરા ચેકપોસ્ટ પાસે એક વાહનને અટકાવાતા તેમાં બેઠેલા લોકોને પોતાની ઓળખ આપવા જણાવાયું હતું. પાછળની સીટ પર બેઠેલા વ્યક્તિએ પોતાની પાસેની બેગ ખોલી તેમાંથી ગ્રેનેડ કાઢવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે સમયસુચકતા વપારી તે શખ્સને દબોચી લીધો હતો. બાદમાં ડ્રાઈવર તેમજ ઝડપાયેલા શખ્સની ધરપકડ કરી કસ્ટડીમાં લીધા હતા. માસ્ક દૂર કરાતા જણાયું કે ઝડપાયેલો શખ્સ લશ્કર-એ-તોઈબાનો ટોચનો

● અનુસંધાન પાન-૭ પર

# મોર્ડના રસીના ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી

**મોર્ડના રસીના ઈમરજન્સી ઉપયોગ માટે શિપ્લાને DCGIની મંજૂરી : કોરોના સામેના જંગમાં ભારતને વધુ એક હથિયાર મળ્યું : કોવિશીલ્ડ, કોવૅક્સીન અને સ્પૂતનિક-વી બાદ મોડર્ના ભારતમાં ઉપલબ્ધ થનારી ચોથી રસી હશે, રસીના ઉપયોગ પૂર્વે રસીકરણનું આંકલન રજૂ કરાશે**

નવી દિલ્હી, તા. ૨૯

કોરોના વિરુદ્ધ જંગમાં ભારતને વધુ એક હથિયાર મળી ગયું છે. હકીકતમાં ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા એટલે કે ડીસીજીઆઈએ શિપ્લાને ઈમરજન્સી ઉપયોગ માટે મોર્ડનાની કોવિડ-૧૯ રસીની આયાતને મંજૂરી આપી દીધી છે. સત્તાવાર સૂત્રોએ મંગળવારે આ જાણકારી આપી છે. કોવિશીલ્ડ, કોવૈક્સીન અને સ્પૂતનિક-વી બાદ મોડર્ના ભારતમાં ઉપલબ્ધ થનારી ચોથી રસી હશે.

એક સૂત્રએ જણાવ્યું કે, 'ડીસીજીઆઈ એ ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ, ૧૯૪૦ હેઠળ, નવી ઔષધિ તથા ક્લિનિકલ પરીક્ષણ નિયમ, ઈમરજન્સી ઉપયોગ માટે મોર્ડનાની કોવિડ-૧૯ રસીને આયાત કરવાની મંજૂરી આપી દીધી છે.

મોર્ડનાએ એક પત્રમાં ૨૭ જૂને ડીસીજીઆઈને સૂચના આપી હતી કે અમેરિકી સરકાર અહીં ઉપયોગ માટે કોવિડ-૧૯ની પોતાની રસી એક વિશેષ સંખ્યામાં ડોઝ કોવૅક્સ દ્વારા ભારત સરકારને દાન કરવા માટે સહમત થઈ ગઈ છે. સાથે તે માટે કેન્દ્રીય દવા સંગ્રહ નિયંત્રણ સંસ્થા (સીડીએસસીઓ) ની મંજૂરી માંગી છે. સિપલાએ સોમવારે અમેરિકી ફાર્મા કંપની તરફથી આ રસીની આયાત અને વિતરણનો અધિકાર આપવા માટે ઔષધિ નિયામકને વિનંતી કરી હતી. ઉલ્લેખનીય છે કે કોવૅક્સ કોવિડ-૧૯ ની રસીના સંતુલન વિતરણ માટે એક વૈશ્વિક પહેલ છે. એક અધિકારીએ કહ્યું કે, આપાત સ્થિતિમાં સીમિત ઉપયોગ માટે આ મંજૂરી જનહિતમાં છે. કંપનીએ રસીકરણ કાર્યક્રમ માટે રસીનો

● અનુસંધાન પાન-૭ પર

## સંસદનું ચોમાસુ સત્ર ૧૯મીથી આરંભાશે

નવી દિલ્હી, તા. ૨૯

સંસદીય મામલાની કેબિનેટ કમિટી (સીસીપીએ) ૧૯ જુલાઈથી ૧૩ ઓગસ્ટ સુધી સંસદના ચોમાસુ સત્રની ભલામણ કરી છે. તેવામાં સંભાવના છે કે ચોમાસુ સત્ર ૧૯ જુલાઈથી ૧૩ ઓગસ્ટ વચ્ચે ચાલશે. તો કોરોનાની ત્રીજી લહેરોની સંભાવના વચ્ચે સરકારે બધા સાંસદોને સત્ર શરૂ થતા પહેલા વેક્સિનના બંન્ને ડોઝ લેવા માટે કહ્યું છે. સૂત્રોએ જણાવ્યું કે આશરે એક મહિના સુધી ચાલનારા ચોમાસુ સત્ર દરમિયાન ૨૦ બેઠકો થવાની સંભાવના છે. સામાન્ય રીતે સંસદનું ચોમાસુ સત્ર જુલાઈના ત્રીજા સપ્તાહમાં શરૂ થાય છે અને સ્વતંત્રતા દિવસ પહેલા સમાપ્ત થાય છે.

સૂત્રોએ જણાવ્યું કે સંસદીય મામલા સંબંધી મંત્રીમંડળ સમિતિએ આ સત્રની અવધિને લઈને ભલામણ કરી છે. તેમણે જણાવ્યું કે સત્ર દરમિયાન સંસદ પરિસરમાં કોવિડ સાથે જોડાયેલા બધા પ્રોટોકોલનું પાલન કરવામાં આવશે. તેમણે કહ્યું કે, એવી આશા કરવામાં આવે છે કે સત્ર દરમિયાન પરિસરમાં પ્રવેશ કરનાર ત્યારે કોવિડ વિરોધી રસીનો ઓછામાં ઓછો એક ડોઝ લઈ ચુક્યા હશે.

# કોરોનાના ચાર નવા વેરિયન્ટ વધુ ભયાનક હોવાનું અનુમાન

**કોરોનાના ડેલ્ટા પ્લસ વેરિયન્ટે ચિંતા વધારી : ડેલ્ટા વેરિઅન્ટ બી.૧.૬૧૭.૨, બી.૧.૧.૩૧૮, લેમ્બડા જેને સી.૩૭ના નામથી ઓળખાતા વેરિયન્ટ ઉપર નજર**

નવી દિલ્હી, તા. ૨૯

ભારતમાં ભલે કોરોના વાઈરસના મામલે ઓછા થયા હોય, પરંતુ આ દરમિયાન કોરોનાના ડેલ્ટા પ્લસ વેરિઅન્ટે ચિંતા વધારી દીધી છે. હેલ્થ એક્સપર્ટ્સ પણ કોરોના વાઈરસના નવા વેરિઅન્ટને ચિંતા વ્યક્ત કરી રહ્યાં છે. સાથે જ તેઓનું માનવું છે કે, ડેલ્ટા પ્લસ વેરિઅન્ટ સિવાય કોરોના વાઈરસના ઓછામાં ઓછ ચાર નવા વેરિઅન્ટ છે જેનાથી સંક્રમણનો ખતરો સૌથી વધારે છે. આ ચારેય વેરિઅન્ટ પર ઝીણવટપૂર્વક નજર રાખવી પડશે.

જે વેરિઅન્ટ પર નજર રાખવાની વાત કરવામાં આવી રહી છે તેમાં બી.૧.૬૧૭.૩, ડેલ્ટા વેરિઅન્ટ બી.૧.૬૧૭.૨, બી.૧.૧.૩૧૮ અને લેમ્બડા જેને સી.૩૭ના નામથી પણ ઓળખવામાં આવે છે. કોરોનાનો લેમ્બડા વેરિઅન્ટ અનેક દેશોમાં જોવા મળ્યો છે. કોરોના વાઈરસનો કાપ્પા વેરિઅન્ટ પર પણ નજર રાખવાની જરૂર છે, કારણ કે આ ડેલ્ટા કે ડેલ્ટ પ્લસની સરખામણીમાં અત્યાર સુધીમાં ઓછો ચેપી સાબિત થયો છે.

કોરોના વાઈરસનો બી.૧.૬૧૭.૩ અને બી.૧.૧.૩૧૮ ભારતમાં પહેલેથી જ હાજર છે, લેમ્બડા વેરિઅન્ટનો એક પણ કેસ ભારતમાં હાલ તો જોવા મળ્યો નથી. પરંતુ આ વેરિઅન્ટ વિશ્વના બીજા દેશોમાં ઝડપથી ફેલાઈ રહ્યો છે અને વિશેષજ્ઞોને ડર છે કે આંતરરાષ્ટ્રીય હવાઈ યાત્રાની શરૂઆત ભારતમાં લેમ્બડા સહિત નવા વેરિઅન્ટનું કોકટેલ લાવી શકે છે.


# ટ્વિટરે જમ્મુ-કાશ્મીર, લદાખને અલગ દેશનો નકશો હટાવ્યો

નવી દિલ્હી, તા. ૨૯

જમ્મુ-કાશ્મીર અને લદાખને પોતાની વેબસાઈટ પર અલગ દેશ દર્શાવતા મેપને ટ્વિટરે હટાવી લીધો છે. વિવાદિત મેપ સામે આવ્યા બાદ ભારતમાં ટ્વિટરને ભારે ટિપ્પણીઓનો સામનો કરવો પડ્યો હતો. સોમવારે રાતે ટ્વિટરે વિવાદિત નકશો વેબસાઈટ પરથી હટાવી લીધો છે.

સોમવારની સવારે ટ્વિટરની વેબસાઈટ પર આ વિવાદિત નકશો સામે આવ્યો હતો. વેબસાઈટ પર કરિયર સેક્શનમાં ટ્વીટર લાઈફ શીર્ષક હેઠળ આ વિવાદિત નકશો દર્શાવવામાં આવ્યો હતો. નવા આઈટી રૂલ્સને લઈને ટ્વિટરનો ભારત સરકાર સાથે તણાવ ચાલી રહ્યો છે. આ દરમિયાન જ વિવાદિત નકશો સામે આવ્યા બાદ ટ્વિટરની મંશા પર અનેક સવાલો ઊભા થયા હતા. જેના કારણે ટ્વિટરને લોકોની ભારે ટિપ્પણીઓનો સામનો કરવો પડ્યો હતો.


## પ્રથમ માસિક શ્રધ્ધાંજલી



અમારા પૂજ્ય પિતાશ્રી

**સ્વ. સાંકળચંદ રામદાસ પટેલ ( એસ. આર. પટેલ )**

સ્વ.તા. ૩૦-૫-૨૦૨૧

વટવૃક્ષ જેવા વિશાળ કુટુંબમાંથી આપે વસમી વિદાય લીધી
જીવનભર પરિશ્રમનાં દિવસો વિતાવી સૌને સમૃદ્ધ બનાવી ચંદન જેવું જીવન જીવી ને
સુખ સૌને આપી ગયા. આપે વારસામાં આપેલા આદર્શ,
સદગુણોના જીવનપંથે અમે ચાલીશું. સમય વહી જશે,
સ્મરણો અમારા હૃદય માં ભૂતકાળ બનીને નહી પરંતુ સ્મરણીય બનીને સદાય અમર રહેશે.
આપના આત્માની શાંતિ માટે અમે સર્વે કુટુંબીજનો શ્રી પ્રભુને પ્રાર્થના કરીએ છીએ.

લિ.

ગં સ્વ. નીરુબેન સાંકળચંદ પટેલ
ગં સ્વ. મંગુબેન સાંકળચંદ પટેલ

| | |
|---|---|
| અમિતભાઇ સાંકળચંદ પટેલ | શ્વેતાબેન એ પટેલ |
| મિતેષભાઈ સાંકળચંદ પટેલ | પૂનમબેન એમ પટેલ |
| શ્રેયસભાઈ સાંકળચંદ પટેલ | ધારાબેન એસ પટેલ |
| ચેતનકુમાર પટેલ | અરૂણાબેન ચેતનકુમાર પટેલ |
| પરેશકુમાર પટેલ | અલ્પાબેન પરેશકુમાર પટેલ |
| દિનેશકુમાર પટેલ | સંગીતાબેન દિનેશકુમાર પટેલ |

શિવાલય ગ્રુપ

એસ. આર. પટેલ પરિવાર ના જયશ્રીકૃષ્ણ



કચ્છની કેરી/ખારેક

ખેડૂત દ્વારા સીધું વેચાણ

ખારેક : લાલ-પીળી

કૃષિભવન ગેટ નંબર-૨ની આગળ, ગાંધીનગર



ભારત સરકાર માન્ય બોર્ડ (NIOS)

શું તમે ધોરણ ૧૦ / ૧૨ સાયન્સ નાપાસ છો..??

તો ઓક્ટોબર-૨૦૨૧ ના સત્રમાં પરીક્ષા આપવા માટે અમારો સંપર્ક કરો.

મો.૭૬૦૦૧૮૧૨૦૮, હિંમતનગર



પ્રથમ વાર્ષિક પૂણ્યતિથીએ શ્રધ્ધાંજલિ



**શ્રી હિમાંશુ પી. શુક્લ** સ્વ. તા. ૩૦.૦૬.૨૦૨૦

સચિવાલય કેડરમા સ્ટેનોગ્રાફર (પી.એસ) તરીકે ફરજ બજાવતા શ્રી હિમાંશુ પી. શુકલનું તા. ૩૦.૦૬.૨૦૨૦ના રોજ કોરોનાની કારમી થપાટે આપને વૈકુંઠવાસ થયે એક વર્ષ વીતી ગયું છે. આપની અણધારી વિદાયથી હજુ અમારૂ મન માનતું નથી કે આપ અમારી વચ્ચે નથી પ્રભુ આપના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

સેક્ટર : ૨બી, પ્લોટ : ૩૪૭/૨, ગાંધીનગર.

રેખા હિમાંશુ શુક્લ
હાર્દ હિમાંશુ શુક્લ (પુત્ર)